**2025 New Jersey Gubernatorial Candidate Statement (ન્યૂ જર્સી ગ્યૂબર્નટોરિઅલ (ગવર્નર પદ માટેના) (ઉમેદવારનું નિવેદન)**

(500 શબ્દ કરતાં વધવું ન જોઈએ)

Mikie Sherrill (માઇકી શેરિલ)
ઉમેદવારનું નામ:

ડેમોક્રેટિક
બેલટ હોદ્દો/રાજકીય પક્ષ:

સંવિધાન પ્રત્યેની મારી પહેલી પ્રતિજ્ઞા મેં 18 વર્ષની ઉંમરે અને the U.S. Naval Academy (યુ.એસ. નેવલ અકેડમી)માં પ્રવેશ મેળવતી વખતે લીધી હતી. મેં લગભગ 10 વર્ષ જેટલો સમય એક હેલિકોપ્ટર પાઇલટ તરીકે અને Russia (રશિયા) સંબંધિત નીતિ માટેના અધિકારી તરીકે સક્રિય ફરજમાં વીતાવી, જ્યાં મે મારી ટીમ તથા મારી પાસેથી રખાતી ઉચ્ચ અપેક્ષાઓ પૂરી કરી. મેં U.S. Attorney's Office in New Jersey (ન્યૂ જર્સીમાં યુ.એસ. એટર્નીની ઑફિસ)માં કામ શરુ કર્યું, જ્યાં મેં આપણી જાહેર સલામતીનું રક્ષણ કરવા માટે સમુદાયોને સૌથી આગળ અને
પ્રાથમિકતા પર મૂક્યા.

હું New Jersey (ન્યૂ જર્સી)ને ચાહું છું, તથા મારા પતિ અને હું અહીં અમારા કિશોરવયના ચાર સંતાનોનો ઉછેર કરી રહ્યાં છીએ. મારે આ સ્ટેટને રહેવા, કામ કરવા, અને પરિવારનું પાલન કરવા માટે સર્વોત્તમ સ્ટેટ બનાવવું છે. પરંતુ ઘણા બધા New Jerseyans (ન્યૂ જર્સી વાસીઓ) માટે આ ખૂબ દુષ્કર બની રહ્યું છે. ભાવ વધતા જ જ્યા છે, આપણા બાળકોને મુશ્કેલીઓ પડી રહી છે, અને ટ્રેન્ટનમાં ઉત્તરદાયિત્વના અભાવને કારણે આપણું સ્ટેટ આગળ વધવામાં નિષ્ફળ રહ્યું છે. અને હવે, President Trump (પ્રેસિડન્ટ ટ્રમ્પ)ની નીતિઓ જીવનને વધુ કઠોર બનાવી રહી છે તથા આપણા અધિકારો તથા સ્વતંત્રતાઓ ઉપર તરાપ મારી રહી છે.

મેં Governor (ગવર્નર)ના પદ માટે ઉમેદવારી કરી છે કારણ કે આપણને એક અલગ પ્રકારના નેતૃત્વની જરૂર છે. હું એક ડેમોક્રેટ છું, પરંતુ હું સૌથી પહેલાં તો New Jersey (ન્યૂ જર્સી)ની રહીશ છું. મારા પક્ષના વિશેષ હિતોથી લઈને, આપણા સ્ટેટનું કામ પાર પાડવા માટે, હું કોઈનો પણ સામનો કરવા તૈયાર છું.

નૌકાદળમાં એક ખાસ સૂત્ર હતું: શીપ, શીપમેન્ટ, સેલ્ફ (સૌથી પહેલાં જહાજ, પછી તેની અંદરની વસ્તુઓ, અને છેલ્લે હું). કોઈપણ ધ્યેય ક્યારેય એક વ્યક્તિ ઉપર કેન્દ્રિત ન હતું - પોતાની સ્ક્વોડ્રનના સાથીઓને અમે હંમેશા પોતાનાથી આગળ રાખતાં. આપણે સાથે મળીને કામ કરવાનું છે, અને હું તમને સેવા આપવા તથા ઉત્તરદાયી બની રહેવા તૈયાર છું.

મેં હજારો New Jersey (ન્યૂ જર્સી) વાસીઓની વાતો સાંભળી છે, જેમણે મને પોતાની વાતો, તેમની આશાઓ, અને કઈ બાબત તેમને રાતે ઊંઘવા નથી દેતી તે વિગતે જણાવી છે. એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે આપણે સૌ આ સ્ટેટને ખૂબ ચાહીએ છીએ. લોકોના મનગમતા કિનારા પરના શહેરો અથવા તેમની માનીતી ભોજનની જગ્યાઓ વિશે મારી વાત ક્યારેય ન પતે. જર્સીમાં તમારા સંતાનોનો ઉછેર સારી રીતે કરવામાં અસમર્થ હોવાનો અથવા ગરિમાપૂર્વક નિવૃત્ત ન થઇ શકવાનો વિચાર સુદ્ધાં અવીકાર્ય છે. અને હું તે બિલકુલ ચલાવી લઇશ નહિ.

તમારા governor (ગવર્નર) તરીકેની મારી પ્રતિજ્ઞા: હું આ કરીશ:

- <u>કિંમતો નીચી લઈ આવીશ, જેની શરુઆત તમારા ઊર્જા બિલથી થશે. પહેલા જ દિવસે, હું યુટિલિટીની કિંમતો બાબતે આપાતકાલીન સ્થિતિની ઘોષણા કરીશ, ભાવ વધારાને રોકી દઈશ, અને ઊર્જા માટેની માળખાગત સુવિધાઓ તથા વધુ હરિત તથા વધુ સસ્તા વીજ ઉત્પાદન માટે નવા દરવાજા મોકળા કરી દઈશ, કારણ કે વધુ પુરવઠો એટલે બિલની રકમમાં ઘટાડો. અને હું કિંમત ઊંચી લઈ જનારા ગ્રિડ ઑપરેટર સામે બાયોં ચડાવીશ.</u>

- <u>તમારા બાળકોની કાળજી રાખશો. માતાપિતા જાણે છે કે આપણા બાળકો મુશ્કેલીનો સામનો કરી રહ્યાં છે. આ કારણે જ હું આપણી સ્કૂલોમાં શારીરિક તથા માનસિક સ્વાસ્થ્યકાળજી સંસાધનોમાં વધારો કરીશ, આપણા બાળકો માટે ઑનલાઇન સલામતીની માંગ કરીશ અને મોટી ટેક્નોલૉજી કંપનીઓના ઉત્તરદાયિત્વનું નિર્ધારણ કરીશ, અને વિદ્યાર્થીઓને પાછા પાટે ચડાવવા માટે સાક્ષરતા તથા ગણિતમાં વધુ પ્રભાવવાળા શિક્ષણ જેવા અગાઉ કારગર નીવડેલા ઉપાયોમાં રોકાણ કરીશ.</u>

**2025 New Jersey Gubernatorial Candidate Statement (ન્યૂ જર્સી ગ્યૂબર્નટૉરિઅલ (ગવર્નર પદ માટેના) ઉમેદવારનું નિવેદન)**

માઇકી શેરિલ (Mikie Sherrill)
ઉમેદવારનું નામ:

- **Trenton** (ટ્રેન્ટન)ને પારદર્શી તથા લોકો પ્રત્યે ઉત્તરદાયી બનાવવું. હું એ ખાતરી કરીશ કે New Jerseans (ન્યૂ જર્સીવાસી)ઓને એ પૂરેપૂરી ખબર રહે કે તેમણે ભરેલા ટેક્સના ડૉલર્સ ખરેખર ક્યાં જાય છે, તેમજ આ કાર્યક્રમોનો પ્રભાવ કેવો પડી રહ્યો છે. હું સ્ટેટ ગવર્મેન્ટનું આધુનિકીકરણ પણ કરીશ
જેથી તે રહીશો અને વ્યાપારી સંસ્થાઓ માટે વધુ સારી રીતે કામ કરે. અને હું સ્ટેટ એજન્સીઓમાં ગ્રાહક સેવાઓ તથા ઉત્તરદાયિત્વને વધારીશ, જેથી તમારા સમય અને નાણાંની બચત થાય.

New Jersey (ન્યૂ જર્સી)ના ભવિષ્ય માટેની મારી પૂરી યોજના અહીં વાંચો www.mikiesherrill.com.

મને તમારો વોટ મળશે એવી આશા રાખું છું. ચાલો, કામે લાગીએ.

ઑગસ્ટ 15, 2025
તારીખ:

ઉમેદવારનાં સહીં:

ભાષાંતર અંગેનું અસ્વીકરણ:

The New Jersey Campaign Contributions and Expenditures Reporting Act (ન્યૂ જર્સી ઈલેક્શન કેમ્પેઇન કોન્ટ્રિબ્યુશન્સ ઍન્ડ એક્સ્પેન્ડિચર્સ રિપોર્ટિંગ ઍક્ટ) N.J.S.A. 19:44A-37, Governor (ગવર્નર) પદ માટેના ઉમેદવારોને એવી મંજૂરી આપે છે કે તેઓ આ સ્ટેટમાં મતદાતાઓને ઉમેદવારોમાંથી પસંદગી નક્કી કરવામાં મદદ માટે, 500 શબ્દોથી વધુ ન હોય તેવું એક નિવેદન બહાર પાડી શકે છે. The New Jersey Election Law Enforcement Commission (ધ ન્યૂ જર્સી ઇલેક્શન લૉ એન્ફોર્સમેન્ટ કમિશન) (ELEC), એક કોન્ટ્રાક્ટર થકી, પોતાની વેબસાઇટ્સ પરની જાણકારી અંગ્રેજી સિવાયની ભાષાઓમાં વાંચવામાં મદદ મળે તે માટે નિમ્નલિખિત ભાષાંતર કરેલા નિવેદનો પૂરાં પાડી રહ્યું છે. પૂરું પાડવામાં આવેલું કોઈપણ ભાષાંતર ફક્ત સુગમતા ખાતર જ હોય છે અને તે એક ઔપચારિક ELEC દસ્તાવેજ નથી. ન તો ELEC કે ન તો તેના કોન્ટ્રાક્ટર આ ભાષાંતરો અથવા તેમની વિશ્વાસનીયતા, ઉપલબ્ધતા, અથવા તમારી ચોક્કસ ભાષા જરૂરિયાતો પૂરી કરતા હોવાની ક્ષમતા વિશે કોઈ વચનો, ખાતરીઓ, અથવા બાયંધરીઓ આપે છે. જો તમે આ વેબસાઇટ પરની ભાષાંતર કરેલી જાણકારી ઉપર આધાર રાખતા હોવ, તો તમે આવું પોતાના જોખમે કરી રહ્યા છો.

ELEC ના કર્મચારીઓ, એજન્ટો, અને કોન્ટ્રાક્ટરો આ ભાષાંતર કરેલા નિવેદનોના, તમારા દ્વારા કરવામાં આવેલા ઉપયોગમાંથી ઊભા થતા, અથવા તેનાથી સંબંધિત કોઈપણ પ્રકારના નુકસાન કે હાનિઓ માટે જવાબદાર રહેશે નહિ, કે જેમાં તમારા દ્વારા ભાષાંતરની સચોટતા ઉપર આધાર રાખવાને કારણે પરિણમેલા નુકસાન અથવા ખોટનો, અથવા કોઈ ભાષાંતર જોવા, વહેંચવા અથવા નકલ કરવાથી થયેલા નુકસાનનો સમાવેશ થાય છે, પરંતુ તેટલાથી મર્યાદિત નથી રહેતું.